# અરવલ્લી જીલ્લો ભીમ મય બન્યો : જય ભીમના નાદ ગૂંજ્યા

## મોડાસામાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી ભવ્ય શોભાયાત્રા નીકળી

મોડાસા, તા. ૧૪ ભારતના બંધારણના ઘડવૈયા અને મહામાનવ ડૉ. બાબા






સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત અનેક વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. અનુસૂચિ જાતિ સમાજના અબાલ, વૃદ્ધ, યુવા સૌ ભીમ મય બન્યા હતા. જીલ્લામાં ઠેર ઠેર ડૉ. બાબાસાહેબ આંબેડકરની રેલીઓ, સભાઓ, ફિલ્મ પ્રદર્શન અને રાત્રી કાર્યક્રમોનું આયોજન વિવિધ સંગઠનો અને સંસ્થાઓ દ્વારા યોજાયા હતા. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડૉ. આંબેડકર સેના અરવલ્લી અને અનુસૂચિત સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જીલ્લાના પ્રજાજનો ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભીમ સૈનિકો અને અનુસૂચિત જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે ભવ્યરથયાત્રા અને રેલીનું આયોજનકરવામાં આવતા રથયાત્રા અને રેલીમાં યુવાનો, મહિલાઓ અને ભૂલકાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી ભવનના મેદાનમાં જીલ્લા કલેક્ટર એન.નાગરાજન અને જીલ્લા વિકાસ અધિકારી હષિત ગોસાવી હસ્તે દીપ પ્રાગટ્ય કરી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભીમ રેલી શહેરના મુખ્યમાર્ગો જેવાકે બસ સ્ટેન્ડ રોડ, રામપાર્ક રોડ, માલપુર રોડ, ઋષિકેશ સોસાયટી અને પ્રણમીનગર, પારસ થઈ મેઘરજ રોડ થઈ પરત ફરી હતી. રથયાત્રામાં ડીજેના તાલે ડૉ.બાબા સાહેબ આંબેડકરના જીવનચરિત્ર પર બનેલા ગીત-સંગીતના તાલે જુમી ઉઠ્યા હતા. મોડાસા શહેરના માર્ગો જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા, મઉ, શામળાજી, ટીંટોઈ, બામણવાડ, કુડોલ દધાલીયા, માલપુર, મેઘરજ, બાયડ, સાઠંબા, ધનસુરા, ઉભારણ, અણીયોર-સાતરડા સહીત તાલુકા મથકોએ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૭મી ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી નીમીત્તે શોભયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલી સહીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શામળાજી નજીક ખોડંબા ગામે

# રેલવે લાઈનના પગલે ખેડૂતોને ખેતરોમાં જવાનો રસ્તો બંધ થતા હોબાળો

## અરવલ્લી જિલ્લા ખેડૂત સમાજ દ્વારા અમદાવાદથી ઉદેપુર રેલવે લાઈનમાં રસ્તો નહિ તો રેલવે નહીંની ચીમકી ઉચ્ચારી

શામળાજી, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા ખોડંબા ગામ પાસેથી પસાર થતી રેલવે લાઈનના કારણે ખેડૂતોના ખેતરમાં જવાનો રસ્તો બંધ થઈ રહ્યો છે. તેને લઈને મંગળવારના રોજ પીડિત



ખેડૂતોએ હોબાળો કરી રેલવે લાઈનનું કામ અટકાવ્યુ હતુ અને જેસીબી આગળ બેસી ગયા હતા.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં અને શામળાજી નજીક આવેલા ખોડંબા પાસેથી અમદાવાદથી ઉદયપુર રેલવે લાઈનને બ્રોડગેજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ રેલવે લાઈન ખોડંબા, કુશકી અને ટીંટોઇના ૨૦૦થી વધુ ખેડૂતોના ખેતરમાં થઇ પસાર થાય છે. આ લાઈન પસાર થતાં ખેડૂતોની જમીન બે ભાગમાં વહેંચાઈ ગઈ છે અને ખેડૂતોને એક ખેતરમાંથી બીજા ખેતરમાં જવાનો રસ્તો બંધ થઈ ગયો છે. આ ખેડૂતોની ૨૫૦ એકર જમીનમાં જવાનો રસ્તો બંધ થઈ જતા ખેડૂતો રોષે ભરાયા છે. અને હવે ઉગ્ર અંદોલન કરવાની ફરજ પડી છે. ખેડૂતો ત્યાં સુધી કામ અટકાવશે જ્યાં સુધી રેલવે વિભાગ દ્વારા ખેતરમાં જવા માટે કાયમી રસ્તો આપવા અંડર પાસની વ્યવસ્તા ના કરવામાં આવે. ત્યારે હવે અરવલ્લી ખેડૂત સમાજ પણ અંદોલન કારી ખેડૂતોના પક્ષમાં ઉભો છે. અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી કામ ચાલુ નહીં કરવા દેવામાં આવે. અને ન્યાય નહીં મળે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તેમ અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલે જણાવ્યું હતું. આ બાબતે ખેડૂત સમાજ દ્વારા રાજસ્થાનમાં ડુંગરપુર ખાતે આવેલા વેસ્ટર્ન રેલ્વેના ડે. ચીફ એન્જીનીયર, વેસ્ટર્ન રેલ્વે જયપુર ડીવીઝનના જનરલ મેનેજર અને અરવલ્લી જીલ્લા કલેકટરને લેખિતમાં પત્ર લખી જાણ કરવામાં આવી છે.

# પ્રાંતિજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિની પ્રાંતિજ સહિત તાલુકામાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાજપ -કોંગ્રેસ, વિશ્વ હિન્દુ પરિષદ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ આંબેડકર શોપીંગ સેન્ટર ખાતે ૧૨૭મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કોંગ્રેસ કાર્યકરો, તાલુકા પ્રમુખ દક્ષાબેન, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન



પટેલ તથા નગરપાલિકા કોર્પોરેટરો, વિશ્વ હિન્દુ પરિષદ કાર્યકરો સહિત ઉપસ્થિત રહીને ડૉ. બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર પહેરાવવામાં આવ્યાં હતા. દલીત અધિકાર મંચ દ્વારા ત્રણ રસ્તાથી વિવિધ સુત્રો ચારો સાથે બાઈક રેલી ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ આંબેડકર શોપીંગ ખાતે આવીને દલીત સમાજના આગેવાનો ભીખાભાઈ, રેખાબેન સહિત મોયદ, રાસલોડ, ભોભા સહિતના વગેરે કાર્યકરોએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવવામાં આવ્યાં હતા.




## ખેડબ્રહ્મામાં ભાજપ દ્વારા આંબેડકરની પ્રતીમાને પુષ્પાંજલિ કાર્યક્રમ



બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતી નિમિત્તો વિવિધ સ્થળોએ રેલી કાઢી હર્ષોલ્લાસ સાથે સરઘસ કાઢી હતી. જે સુખ શાંતિ વિના વિધ્ને સમાપન થઈ હતી જે રેલી બસ સ્ટેશનથી નીકળી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર થઈ માણેક ચોક શ્રી યાદેચોક થઈ સરદાર પટેલ રોડ ઉપર થઈ સીવીલ રોડ થઈને આંબેડકરની પ્રતિમાએ એકઠા થયા હતા અને ફુલમાળા પહેરાવી હતી. સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ દ્વારા પુરતા બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો સવારે ભાજપના પુર્વ એમએલે રમીલાબેન બારા તેમજ અન્ય કાર્યકરો દ્વારા ફુલહાર પહેરાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.



## મહેસાણામાં ડો. બાબાસાહેબની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી

મહેસાણા જિલ્લામાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ મહેસાણા શહેર ખાતે આવેલ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી નમન કર્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડો. બાબા સાહેબે લોકશાહીનો અધિકાર આપ્યો છે. ડો. બાબાસાહેબ મહાન લોકશાહી ધરાવતા દેશના સાર્વભૌમત્વના બંધારણ રચયિતા રાષ્ટ્રનેતા-રાષ્ટ્રભકત છે. તેમના વિચારો, જ્ઞાન, સૌને સમાન તક, શિક્ષણ સમાનતાના મૂલ્યો આજે સમાજ સમસ્તમાં વ્યાપ્ત છે. વંચિતોના વિકાસ માટે આજીવન સંઘર્ષ કરનારા બાબાસાહેબ દેશના જ નહી પણ વિશ્વની મહાન વિભૂતિઓમાંના એક હતા. બંધારણના ઘડવૈયા એવા બાબાસાહેબે પોતાનું સમગ્ર જીવન ભારતમાતાની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓએ સાચા અર્થમાં દરિદ્રનારાયણની સેવા કરી હતી. મંત્રીએ બાબાસાહેબના જન્મથી લઈને સંઘર્ષમય જીવનની વિગતો આપી ભાવાંજલી અર્પણ કરી હતી.

# પાલનપુરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે આંબેડકર જયંતીની ઉજવણી કરાઇ

સમગ્ર દેશ માં બંધારણના ઘડવૈયા ડો.આંબેડકરજીની ૧૨૭મી જન્મ જયંતી ની ધામધૂમ પૂર્વક ઉજવણી મનાવાઇ રહી છે.જ્યારે ગુજરાત માં જીગ્નેશ મેવાની ની આંબેડકર ની પ્રતિમા ને હાથ ના લગાવવાની ચીમકી ના પગલે ચુસ્ત પોલીસ બંધોબાસ્ત ગોઠવાયો હતો.. ત્યારે પાલનપુર ખાતે ડો.આંબેડકર જન્મ જયંતી માં ભાજપ કોંગ્રેસ ના નેતાઓ સહિત દલિત લોકો એ પણ ફૂલહાર કર્યા હતા. જ્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસે ચુસ્ત બઁદોબસ્ત ગોઠવ્યો હતો.

દલિત નેતા જિગ્નેશ મેવાણીએ ડો. આંબેડકરની પ્રતિમાને ભાજપી નેતાઓ સ્પર્શ પણ ન કરે તેવું એલાન કર્યું હતું ત્યારે પાલનપુર ખાતે ડો. આંબેડકરજીની પ્રતિમા પાસે ચુસ્ત



પોલીસ બંદોબસ્ત ખડકી દીધો હતો. દલિત સમાજના વિરોધ ને પગલે ભાજપ-કૉંગ્રેસ દ્વારા પુષ્પાંજલિના કાર્યક્રમ યોજાયા હતા.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરિભાઇ ચૌધરી પણ ઉપસ્થિત રહી આંબેડકર ની પ્રતિમા ને ફૂલહાર કર્યા હતા. કોઈ સુલેહ શાંતિ જોખમાય નહીં તે માટે એસપી સહિત પાલનપુર પોલીસ ખડે પગે હજાર રહી હતી.

# સાબરકાંઠામાં આંબેડકર જયંતિની ઉલ્લાસભેર ઉજવણી

હિંમતનગર, તા. ૧૪

દલિતોના મસીહા તરીકે ઓળખાતા બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે રેલી તથા સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત રાજકીય પક્ષોએ પણ આંબેડકરની



પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. ૧૪ એપ્રિલને શનિવારે આંબેડકર જયંતિ નિમિત્તે હિંમતનગરના સિવિલ સર્કલ તથા ટાવર ચોક ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા સામાજીક સમરસતાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સિવિલ સર્કલ પર આવેલ આંબેડકરની પ્રતિમાને અનેક રાજકીય પક્ષોના અગ્રણીઓ તથા કાર્યકરો અને દલિતો દ્વારા રેલી કાઢી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ત્યારબાદ હિંમતનગર ખાતે યોજાયેલી સભામાં દલિત આગેવાનોએ પ્રવચન કરીને દલિતોનો ચિતાર રજુ કર્યો હતો. ઉપરાંત સાબરકાંઠાના પ્રભારી અને મંત્રી પરબતભાઈ પટેલે જિલ્લાના અધિકારીઓની ઉપસ્થિતિમાં આંબેડકરની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા બાદ સામાજીક સમરસતા અંતર્ગત ગ્રામસ્વરાજ અભિયાનની શરૂઆત કરાવી હતી તથા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને નગરપાલિકામાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. સાથો સાથ ભોલેશ્વર, સઢામાં પણ આંબેડકર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. તેજ પ્રમાણે પ્રાંતિજ, તલોદ સહિત અન્ય સ્થળે શનિવારે દસ વાગ્યાના સુમારે વાજતે ગાજતે વાહનોમાં આંબેડકરની પ્રતિકૃતિ મુકીને આંબેડકર જીંદાબાદના નારા લગાવી સૂત્રોચ્ચાર કરી પ્રતિમાના સ્થળે આવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# પ્રાંતિજ ખાતે ૧૨૫ વર્ષથી પાંજરાપોળ ખોડા ઢોર સંસ્થા સેવાઓ આપવા કટીબદ્ધ છે

## પાંજરાપોળમાં ૫૦થી ૧૦૦ પશુઓ રાખવાની કેપીસીટી છે : માંદા લોકોને માવજતના સાધનો નિશુલ્ક સેવા આપે છે

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં ૧૨૫ વર્ષથી કાર્યરત પાંજરા પોળ ખોડા ઢોર સંસ્થા ખરેખર પાંજરા પોળમાં આવતાં અબોલ જીવ માટે આર્શીવાદરૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી અહીં આવતાં પશુઓની ખુબજ સારી રીતે દેખરેખની સાથે માવજત થાય છે.

પ્રાંતિજ ખાતે વર્ષો પહેલાં જૈન સમાજ દ્વારા દુખિયાળા પશુઓને-પક્ષીઓને કરૂણાજનક પરિસ્થિતિમાં જોઈને પ્રાંતિજ ખાતે જૈન સમાજ દ્વારા ખોડા ઢોર સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી. આથી ૧૨૫ વર્ષ પહેલાં પ્રાંતિજથી બહાર આ સંસ્થા કાર્યરત કરવામાં આવી હતી તો સમય જતાં આ સંસ્થા હાલ પ્રાંતિજની વચ્ચોવચ્ચ આવી ગઈ છે. સંસ્થા દ્વારા દર વર્ષે ૮૦૦થી ૧૦૦૦ પશુઓને આશરો આપવામાં આવે છે. સંસ્થા દ્વારા ૫૦ થી ૧૦૦ પશુઓ રાખવાની કેપીસીટી ધરાવે



છે. સરકાર દ્વારા જમીન ફાળવણી કરવામાં આવેતો સંસ્થા વધુ પશુઓ રાખવાની પણ તૈયારીઓ બતાવે છે. સંસ્થામાં હાલ કામ કરતાં પાંચ માણસોને સંસ્થા દ્વારા રોજીરોટી મળી રહે છે. ખેડૂતો તથા દાનવીરો દ્વારા અબોલા જીવો માટે ઘાસ ચારાનુ દાન સંસ્થાને મળી રહે છે. સંસ્થા પાસે કોઈ જમીન ના હોવાથી લીલાં ઘાસ ચારાનો હાલ પણ અભાવ છે. સંસ્થામાં આવેલ પશુઓનો આંકડો વધતાં તે ઇડર ખાતે આવેલ મોટા પાંજરા પોળમાં મોકલી આપવામાં આવે છે પણ ત્યાં પશુઓ નિભાવ ખર્ચ પેટે ૮૦૦ થી ૧૦૦૦ લેવામાં આવતા સંસ્થા દ્વારા પણ પહેલાં ૫૦ કે તેથી વધુ લેવાતા ૨૦૦ ની જગ્યાએ હાલ ૮૦૦ થી ૧૦૦૦ લેવામાં આવે છે. સંસ્થાને સરકાર દ્વારા એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા ગ્રાન્ટ પેટે ૧૯,૨૦૦ની વાર્ષિક આપવામાં આવે છે પણ છેલ્લાં બે વર્ષથી ગ્રાન્ટ પણ બંધ થઈ ગઈ છે તો પશુઓને સારવાર મલી રહે તે માટે ઢોરના નિષ્ણાંત ડૉકટર દ્વારા તપાસ કરવામાં આવે છે અને જરૂરી દવાઓ સંસ્થા દ્વારા હાજર સ્ટોકમાં જ રાખવામાં આવે છે. દર વર્ષે ઉનાળાની શરૂઆતમાં પક્ષીઓ માટે પીવાનાં પાણીનાં કુંડાઓનુ પણ સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા પાંજરા પોળ ખોડા ઢોર સંસ્થાની સાથે માનવતાનું કામ પણ કરે છે અને માંદાની માવજતના સાધનો ઓકસીજન-સીલીન્ડર, વ્હીલ ચેર એરબેડ જેવાં ૨૫ થી પણ વધારે જાતનાં સાધનો જરૂરીયાતમંદ દર્દી કે દર્દીના સગાંઓ પાસેથી એક પણ રૂપિયો લીધાં વગર નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે.